ગુજરાતમિત્ર
ગતિવિધિ

ન.પ્રા.શિક્ષણ સમિતિ, વડોદરા ખાતે મદદનીશ કેળવણી નિરીક્ષક (AEI) તરીકે ધવલભાઈ પટેલની નિમણૂક

વડોદરા : શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા મદદનીશ કેળવણી નિરીક્ષક(AEI) ની બઢતીની જગ્યા માટે સમગ્ર ગુજરાતમાં Special Competitive Examનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધાત્મક પરીક્ષામાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાંથી કુલ 25 ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની મહેકમ આધારિત 1 બઢતીની જગ્યા શિક્ષણ વિભાગ દ્વારા મંજૂર કરવામાં આવેલ હતી. જેમાં તમામ ઉમેદવારોમાં સમિતિ સંચાલિત માં ભારતી પ્રાથમિક શાળા, સયાજીગંજ - 5 ખાતે HTAT તરીકે ફરજ બજાવતા ધવલભાઈ પટેલે સૌથી વધુ 155 ગુણ મેળવી મદદનીશ કેળવણી નિરીક્ષક માટે મેરીટના આધારે પસંદગી પામેલ છે. તેઓએ આજે તા. 1/4/2025 ના રોજ નિરીક્ષક તરીકેનો ચાર્જ સંભાળેલ છે. આ તબક્કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ નિશિદ્યભાઇ દેસાઈ, ઉપાધ્યક્ષા શ્રીમતી અંજનાબેન ઠક્કર, શાસનાધિકારી શ્વેતાબેન પારગી, તમામ સભ્યશ્રીઓ તેમજ તમામ કચેરી સ્ટાફે શુભેચ્છાઓ પાઠવી હતી.

છોટાઉદેપુર જિલ્લાનાં બોડેલી ખાતે સંતોનાં હસ્તે વધુ એક પ્રમુખ હોસ્પિટલનો પ્રારંભ

બોડેલી : છોટાઉદેપુર જિલ્લાની આર્થિક રાજધાની તરીકે ઓળખાતા બોડેલી નગરને હવે આરોગ્ય ક્ષેત્રે પણ હબ કહીએ તો ખોટું નહીં કહેવાય અહીં લગભગ 60 જેટલા હોસ્પિટલો કાર્યરત છે ત્યારે હોસ્પિટલ રોડ તરીકે પણ ઓળખી શકાય એવા ઢોકલીયા છોટાઉદેપુર રોડ ઉપર ગાયનેકોલોજિસ્ટ ડોક્ટર દીપિકાબેન રાઠવા ના આરાધ્યા હોસ્પિટલ અને એમ.એસ સર્જન ડોક્ટર રાહુલ રાઠવાના નીલકંઠ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ ની બરોબર સામે આજે એમડી ફિઝિશિયન ડોક્ટર ઉમેશભાઈ રાઠવાના પ્રમુખ હોસ્પિટલનો પ્રારંભ બીએપીએસ સ્વામિનારાયણ સંપ્રદાયનાં સ્વામી અને બોડેલી મંદિરના કોઠારી સ્વામી વરણીનાથ સ્વામીના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે રીબીન કાપી કરવામાં આવ્યો હતો.

બોડેલી તાલુકામાં આવેલી શિવ ભારતી ઇંગ્લીશ મીડીયમ શાળામાં વાર્ષિકોત્સવ ઉજવાયો

બોડેલી : છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં આવેલી અલી ખેરવા માં શિવ ભારતી ઈંગ્લીશ મીડીયમ શાળામાં વાર્ષિકોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 23 જેટલી કૃતિઓ અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવી હતી.જેનો વિષય નારી સશક્તિકરણ હતો જેમાં વિવિધ કૃતિઓ દ્વારા સ્ત્રીની મહાનતા રજૂ કરવામાં આવી હતી સાથે સાથે શાળામાં યોજાયેલા વિજ્ઞાન મેળામાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને ટ્રોફી પ્રમાણપત્રો એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે કડાછલા જિલ્લા પંચાયત સદસ્ય અમરસિંહ વણઝારા, સમાજિક કાર્યકર વિકાસભાઈ શાળાના ટ્રસ્ટી રમેશભાઈ અંગ્રેજી માધ્યમના આચાર્ય ભગવતભાઈ ગુજરાતી માધ્યમના આચાર્ય અનિલભાઈ તેમજ શાળા પરિવાર તરફથી બાળકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

બોરસદના કાંધરોટીની પ્રાથમિક શાળાના વર્ગખંડોનું ખાતમૂહુર્ત કરતા નાયબ દંડક રમણભાઈ સોલંકી

બોરસદ : સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત બોરસદના કાંધરોટીની પ્રાથમિક શાળાના ૧૦ વર્ગખંડોનું ખાતમૂહુર્ત કાર્યક્રમ નાયબ મુખ્ય દંડક રમણભાઈ સોલંકીના અધ્યક્ષપદે યોજાયો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસ મંત્ર સૌના સાથ,સૌના વિકાસ,સૌના વિશ્વાસ,સૌના પ્રયાસને યાદ કરતાં જણાવ્યું કે,સમગ્ર દેશમાં સૌથી વધુ ગુજરાત રાજ્યએ શિક્ષણ ક્ષેત્રે ૬૦ હજાર કરોડ જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે.તેના પરથી જ ખ્યાલ આવે છે કે, રાજ્ય સરકાર બાળકોના શિક્ષણ માટે કટિબધ્ધ છે. વધુમાં તેમણે ઉમેરતાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૫ના સમયગાળા દરમિયાન કે તે પહેલા જે કર્મચારીઓ સરકારી સેવામાં જોડાયો હોય તેઓને પણ જુની પેન્શન સ્કીમમાં આવરી લઈને રાજ્ય સરકાર દ્વારા સરહાનીય કાર્ય કરવામાં આવ્યું છે, તેમ તેમણે જણાવ્યું હતું.

દાહોદ-ગોધરા હાઈવે ઉપર કાર-બાઈક વચ્ચે અકસ્માત

રોડની સાઈડમાં ઊભેલા દંપતીની બાઈકને કારે ટક્કર મારી, પત્નીની નજર સામે પતિનું મોત

કાર બાઈકને 100 મીટર સુધી ઘસડતી લઈ ગઈ



(પ્રતિનિધિ) દાહોદ, તા.1

દાહોદ-ગોધરા હાઈવે પર રોઝમ ગામ નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. મોરવા તાલુકાના સંતરોડ ગામના મહેન્દ્રભાઈ ગોપીભાઈ સરાણિયા અને તેમની પત્ની દાહોદથી ઘરવખરી ખરીદીને પરત ફરી રહ્યા હતા.રોઝમ ગામ નજીક પત્નીને લઘુશંકા લાગતા તેમણે બાઈક રોડની સાઈડમાં ઊભી રાખી હતી.

પત્નીએ તેલનું કેન અને સામાનની થેલી રોડની સાઈડમાં મૂકી હતી. જ્યારે તે લઘુશંકા કરીને પરત આવી રહી હતી, ત્યારે દાહોદ તરફથી પૂરપાટ ઝડપે આવતી કારે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતની ગંભીરતા એટલી હતી કે કાર બાઈકને 100 મીટર સુધી ઘસડતી લઈ ગઈ. આ ઘટનામાં મહેન્દ્રભાઈને ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ તેમનું મૃત્યુ થયું. તેમની પત્ની પણ ઈજાગ્રસ્ત થઈ છે. આસપાસના લોકોએ તરત જ 108 એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરી હતી. દાહોદ ગ્રામ્ય પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કારમાં સવાર બે વ્યક્તિઓની અટકાયત કરી છે. ઈજાગ્રસ્ત પત્ની અને મૃતક પતિને ઝાયડસ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ભગવાન સ્વામિનારાયણનો ૨૪૪મો પ્રાગટ્ય દિન

સ્વામિનારાયણ મંદિર અટલાદરા ખાતે ચતુર્દિવસીય પર્વોત્સવ ઉજવાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

સ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક વારસદાર પ્રગટ બ્રહ્મ સ્વરુપ મહંત સ્વામી મહારાજ ની પ્રેરણા થી બી એ પી એસ શ્રી સ્વામિનારાયણ મંદિર અટલાદરા દ્વારા આગામી ૩ એપ્રીલ ગુરુવાર થી ૬ એપ્રિલ રવિવાર સુધી ચાર દિવસ સુધી ભગવાન સ્વામિનારાયણ ના ૨૪૪ માં પ્રાગટ્ય દિવસ નિમિત્તે વિવિધ પર્વો નું આયોજન કરેલ છે. ગુરુવાર તારીખ ૩ એપ્રિલ ભગવાન સ્વામિનારાયણ નો તારીખ મુજબ પ્રાગટ્ય દિવસ છે (તારીખ ૩/૪/૧૭૮૧), આ દિવસે બી એ પી એસ શ્રી સ્વામિનારાયણ મંદિર અટલાદરા તથા શહેર ના વિવિધ વિસ્તારોમાં ના બી એ પી એસ શ્રી સ્વામિનારાયણ મંદિરો માં સંધ્યા સમયે સાંજે ૦૬.૩૦ થી ૦૭.૦૦ વાગ્યા દરમિયાન કેક તથા ચોકલેટ નો ભવ્ય કેકોત્સવ કરવા માં આવશે. તારીખ ૪ એપ્રિલ શુક્રવારે દ્વિતીય ચરણ માં મહિલા દિવસ નિમિત્તે શહેર ના અનેકવિધ મહિલા મંડળો જે તે વિસ્તાર માં આવેલ મંદિર/ સંસ્કાર ધામ ખાતે દિવસ દરમિયાન અન્નકૂટ, ભજન, કીર્તન, પદયાત્રા, નૃત્ય, સંવાદ, કથા વાર્તા જેવા અનેકવિધ આયામો દ્વારા પોતાની ભક્તિ અર્પણ કરનાર છે. જ્યારે ૫ એપ્રિલ શનિવારે સંસ્થા ના યુવક/ યુવતીઓ ૨૪૪ માં પ્રાગટ્ય પર્વ ઉપક્રમે ૨૪૪ દ્વિચક્રી વાહનો પર શહેર ના માર્ગો પર ૪૪ કિલોમીટર અંતર ની શોભાયાત્રા માં સંમિલિત થનાર છે. આ શોભાયાત્રા છાણી ગામ થી શરૂ કરી ટી પી ૧૩,ગોરવા, ઝાંસી કી રાણી સર્કલ, હરિ નગર પાંચ રસ્તા, ચકલી સર્કલ, ફતેગંજ, વુડા સર્કલ, મુક્તાનંદ સર્કલ,સંગમ ચાર રસ્તા, ઉમા ચાર રસ્તા, પરિવાર ચાર રસ્તા, દરબાર ચોકડી, ખિસકોલી સર્કલ, થઈ બી એ પી એસ શ્રી સ્વામિનારાયણ મંદિર અટલાદરા ખાતે વિરામ પામશે.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીની વધતા જતા માર્ગ અકસ્માતોને લઈ કરી જાહેરાત

હવે નવા ટુ વ્હીલર ખરીદવા પર મળશે 2 હેલ્મેટ મફત

નીતિન ગડકરી લાવ્યા નવો નિયમ,દરેક ટુ-વ્હીલર સાથે બે ISI પ્રમાણિત હેલ્મેટ આપવા ફરજિયાત રહેશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

ભારતમાં માર્ગ સલામતીને મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે, કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જાહેરાત કરી છે કે હવે દરેક ટુ-વ્હીલર સાથે બે ISI પ્રમાણિત હેલ્મેટ આપવા ફરજિયાત રહેશે. ભારતમાં માર્ગ સલામતીને મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે, કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જાહેરાત કરી છે કે હવે દરેક ટુ-વ્હીલર સાથે બે ISI પ્રમાણિત હેલ્મેટ આપવા ફરજિયાત રહેશે. આ મહત્વપૂર્ણ નિર્ણયની જાહેરાત નવી દિલ્હીમાં આયોજિત ઓટો સમિટમાં કરવામાં આવી હતી. જેને ટુ-વ્હીલર હેલ્મેટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાનો સંપૂર્ણ ટેકો મળ્યો છે. ગડકરીના આ કડક નિર્દેશને ઉદ્યોગ દ્વારા એક મહત્વપૂર્ણ અને લાંબા સમયથી રાહ જોવાતી પગલું તરીકે જોવામાં આવી રહ્યું છે, જે આ બિનજરૂરી મૃત્યુને રોકવામાં મદદ કરશે.લાંબા સમયથી ફરજિયાત ISI પ્રમાણિત હેલ્મેટની માંગણી કરી રહેલા ટુ-વ્હીલર હેલ્મેટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશનએ આ સક્રિય નેતૃત્વની પ્રશંસા કરી. ભારતમાં માર્ગ અકસ્માતોના આંકડા ખૂબ જ ચિંતાજનક છે. દર વર્ષે 4,80,000 થી વધુ માર્ગ અકસ્માતો થાય છે. આમાં 1,88,000 થી વધુ લોકો જીવ ગુમાવે છે. આમાંથી, 66% મૃતકો 18 થી 45 વર્ષની વયના છે. દર વર્ષે 69,000 થી વધુ લોકો ટુ-વ્હીલર અકસ્માતોમાં મૃત્યુ પામે છે, જેમાંથી 50% હેલ્મેટ ન પહેરવાને કારણે થાય છે.

Eat Right challenge અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી

નડિયાદ કલેક્ટરની અધ્યક્ષતામાં સેફ ફૂડ એન્ડ હેલ્ધી ડાયટ્સ (DLAC) કમિટીની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

ડિસ્ટ્રિક્ટ લેવલ એડવાઈઝરી કમિટી ઓન સેફ ફૂડ એન્ડ હેલ્ધી ડાયટ્સ (DLAC) કમિટી હેઠળ ખેડા જિલ્લામાં જુદી જુદી પ્રવૃત્તિઓ જેવી કે ફૂડ લાઈસન્સ/રજીસ્ટ્રેશન, સર્વેલન્સ ડ્રાઈવ, સેમ્પલિંગ, ગ્રાહકોની જાગૃતિ માટેના કેમ્પ, ઈટ રાઈટ સ્કૂલ અને કેમ્પસ, પ્રમોટિંગ ઈટ રાઈટ મેસેજ, હાઈજિંગ રેટિંગ, એફ.બી.ઓની તાલીમ, ફોર્ટિફાઈડ ફૂડ વગેરે દ્વારા સમાજમાં ખાદ્ય સલામતી અને સ્વચ્છતાના પાલન અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષા કલેકટર દ્વારા કરવામાં આવી હતી. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, નડિયાદ દ્વારા ફૂડ સેફટી ઓન વ્હીલ્સ વર્ક અંતર્ગત માર્ચ ૨૦૨૪ થી માર્ચ ૨૦૨૫ દરમિયાન લોકોમાં આ વિષય સંબંધિત જાગૃતતા ફેલાવવા માટે કુલ ૩૨ કાર્યક્રમો કરવામાં આવ્યા છે. જેમાં ૬૦૦૦ થી વધુ લોકોએ ભાગ લીધો છે. આ કાર્યક્રમ અંતર્ગત કુલ ૫૨૦ ફૂડ બિઝનેસ ઓપરેટરને તાલીમ આપવામાં આવી છે. ૧૪૦૧ જેટલા સ્પોટ ટેસ્ટિંગ કરવામાં કરવામાં આવ્યા છે અને ૧૩૮ કિલો અન- હાઈજેનિક ફૂડને ડિસ્ટ્રોય કરવામાં આવ્યું છે.

ડાકોરના મેળા દરમિયાન થયેલ વિશેષ કામગીરી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી જેમાં ૪૧૦ જેટલા ફૂડ સ્ટોલ્સનું ચેકિંગ કરવામાં આવ્યું હતું અને ૫૪ સેમ્પલ લેવામાં આવ્યા હતા. ૩૫૦ જેટલા સ્પોટ ટેસ્ટિંગ કરવામાં આવ્યા હતા. અને ૮૦ કિલો જેટલું અન-હાઈજેનિક ફૂડ ડિસ્ટ્રોય કરવામાં આવ્યું હતું.

છેલ્લા ચાર મહિનામાં મિસ બ્રાન્ડિંગ અને સબ સ્ટાન્ડર્ડના કેસમાં અધિક નિવાસી કલેકટર દ્વારા ૭ કેસમાં કુલ ૬.૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર, એડિશનલ કલેકટર સંગીતા રૈયાણી, જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા શિક્ષણ અધિકારી, ડિસ્ટ્રિક્ટ ઓફિસર ફોર ફૂડ એન્ડ સિવિલ સપ્લાય, એફબીઓના પ્રતિનિધિ મિહિરભાઈ સુખડિયા અને આકાશભાઈ શાહ સહિત વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

આવેલી અરજીઓ પૈકી ૯ અરજીઓ નામંજૂર કરાઇ

જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદ દ્વારા ૧૦૫ બાળકોને પાલક માતા પિતા યોજનાનો લાભ અપાયો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.1

જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદ દ્વારા એપ્રિલ-૨૦૨૪ થી માર્ચ-૨૦૨૫ દરમ્યાન પાલક માતા-પિતા યોજના અંતર્ગત આવેલ અરજીઓને મંજુર કરવા માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, ખેડાના અધ્યક્ષસ્થાને સ્પોન્સરશીપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ કમિટીની કુલ ૧૨ બેઠક યોજવામાં આવેલ હતી. આ બેઠકમાં સમાજ સુરક્ષા ખાતાની પાલક માતા-પિતા યોજના અંતર્ગત નવી આવેલ કુલ ૧૧૪ અરજીઓ મંજુરી / નામંજુરી અર્થે મુકવામાં આવેલ હતી.

જે પૈકી ૧૦૫-અરજીઓ યોજનાના ધારા-ધોરણ મુજબ બંધ બેસતી હોય તેને કમિટી દ્વારા મંજુર કરવામાં આવી અને ૦૯-અરજીઓ યોજનાના ધારા-ધોરણમાં બંધ બેસતી ન હોયતો તેવી અરજી નામંજુર કરવામાં આવી હતી.

તદઉપરાંત કમિટીના અધ્યક્ષ-વ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ખેડા ધ્વારા યોજનાના પ્રચાર પ્રસાર માટે યોગ્ય કાર્યવાહી કરવા તથા યોજનાના માપદંડ મુજબના વધુને વધુ બાળકોને આ યોજનાનો લાભ મળી રહે તે અંગેની કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું હતુ.

પાલક માતાપિતા યોજનાના માપદંડ મુજબ જે બાળકના માતા-પિતા મૃત્યુ પામેલ હોય અથવા માતા અથવા પિતાના મૃત્યુ બાદ હયાત માતા અથવા પિતાએ બીજા લગ્ન કર્યા બાદ બાળકને તરછોડયુ હોય અને બાળકની માવજત અન્ય કોઈ સગા સંબંધી ધ્વારા કરવામાં આવતી હોય તો આવા બાળકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

વડોદરાના અકોટા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાશે

નાગપુરના પોલીસ અધિક્ષક સામે ફરિયાદ કરવાનો હુકમ કરતી કોર્ટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

વર્ષ -2014મા વડોદરાની પરિણીતાએ વડોદરાની ફેમિલી કોર્ટમાં મહારાષ્ટ્ર ના નાગપુર માં ભારત સ્વિટ્સની દુકાન ચલાવતા પતિ વિરુદ્ધ ભરણપોષણ નો કેસ દાખલ કર્યો હતો જે કેસમાં કોર્ટે વર્ષ 2017મા ભરણપોષણ નો હૂકમ કર્યો હતો છતાં પતિ ભરણપોષણ આપતો ન હોય પરિણીતાએ વકીલ મારફતે કોર્ટમાં ફરિયાદ કરતાં કોર્ટે દ્વારા પતિના ભરણપોષણ વસૂલાત અને જપ્તી વોરંટ ની બજવણી કરવા નાગપુર અધિક્ષકને હૂકમ કર્યો છતાં વગ ધરાવતા પતિને વોરંટ ઈસ્યુ ન કરતાં કોર્ટે પોલીસ અધિક્ષક હર્ષ પાદર અને પી આઇ ભાણાજી જનક ને કોર્ટમાં હાજર રહી ખુલાસો આપવા હૂકમ કર્યો છતાં હાજર ન રહેતા ગત તા.29 માર્ચના રોજ ફેમિલી કોર્ટ નં.5માં જજ પી.એચ. સિંગ દ્વારા અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવા ઐતિહાસિક હૂકમ કર્યો છે. જેમાં વડોદરાના જાણીતા વકીલ મહેન્દ્ર પરમાર પોતાના અસીલ અક્ષિતા મેસકરને ભરણ પોષણ મળે તે માટે લડત આપી રહ્યા છે જેમાં તેમને સફળતા પણ મળી છે,આ કેસમાં અગાઉ અક્ષિતા મેસકરને કુલ રૂ.25000નું ભરણ પોષણ આપવાનો કોર્ટે વર્ષ -2017 માં હુકમ કર્યો હતો જે મામલે કોર્ટે વખતો વખત નાગપુર અધિક્ષકને ભરણ પોષણ વસુલાત માટે જપ્તીનું વોરન્ટ મોકલ્યા હતા પણ નાગપુર અધિક્ષક કે નાગપુર ઉમરેથ ના પીઆઇ જીતેન મેસકરને વોરન્ટ બજાવતા ન હતા કે ભરણ પોષણ વસુલાત ન હતા, અલબત્ત કોર્ટના આદેશને ન ગણકારી જીતેન મેસકરને બચાવવાના કોઈ પ્રયાસ પણ હોવાનું મનાય છે ત્યારે અત્રેની અદાલતે નાગપુર અધિક્ષક કે નાગપુર ઉમરેડના પીઆઈને અદાલતમાં હાજર રહી ખુલાસો આપવા જણાવ્યું હતું છતાંય તેવો કોર્ટમાં હાજર રહ્યા ન હતા ત્યારે નામદાર અદાલતે નાગપુર અધિક્ષક અને ઉમરેડના પીઆઈ સામે અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવા હુકમ કર્યો છે.

પ્લેટફોર્મ નંબર 2 અને 3 MATH કામ માટે છેલ્લાં 82 દિવસથી બંધ રાખવામાં આવ્યું

82 દિવસ બાદ સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. 2 અને 3 શરૂ, ઉધનાથી 115 ટ્રેન શિફ્ટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 2 અને 3 MATH કામ માટે છેલ્લાં 82 દિવસથી બંધ રાખવામાં આવ્યું હતું. જે એપ્રિલથી ફરી 115 ટ્રેનોને સુરત રેલવે સ્ટેશન પર શિફ્ટ કરવામાં આવી છે.

સુરત રેલવે સ્ટેશનની બહાર ટ્રાફિક વ્યવસ્થા વધુ અસરકારક બનાવવા પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત દ્વારા વધુ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જેના કારણે રેલવે સ્ટેશન વિસ્તારમાં ટ્રાફિક વ્યવસ્થા વ્યવસ્થિત સંચાલન કરવામાં આવ્યું છે. જેને પહેલી એપ્રિલથી રાતે 12:00 વાગ્યાથી જ રેલવે સ્ટેશનનું પ્લેટફોર્મ બે અને ત્રણ શરૂ કરવામાં આવતા જેના કારણે સુરત વિસ્તારમાં ટ્રાફિક સમસ્યા વધુ ગંભીર બની જતી હોય છે.

આ સંદર્ભે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત છેલ્લા એક અઠવાડિયાથી પોતાના ટ્રાફિકના અધિકારી સાથે સુરત રેલવે સ્ટેશન પર અપડાઉન માટે આવતા હજારો મુસાફરોને લઈને પરામર્શ થઈ હતી. સુરત રેલ્વે સ્ટેશને પ્રવેશ દ્વાર સુરતનું છે. આજુબાજુ બસ ડેપો પણ છે જેને લઈને ટ્રાફિક સમસ્યા અત્યંત ગંભીર બનતી હોય છે.

આ સમસ્યાને પહોંચી વળવા માટે ટ્રાફિકના એસીપી વિનોદ ગામીત અને તેની ટીમને ટ્રાફિક સમસ્યા હળવી કરવા માટેના પ્રયાસો હાથ ધરવાના નિર્દેશ આપવામાં આવ્યા હતા જેના ભાગરૂપે એસીપી ગામીતે ટ્રાફિકના વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને સુરત રેલ્વે સ્ટેશન પર છોડવા લેવા આવતા વાહન અને ઓટોરિક્ષા માટે વ્યવસ્થિત રીતે પાર્કિંગમાં ઊભા રહીને પેસેન્જરને મૂકવામાં અને લેવામાં એવું આયોજન કરવામાં આવ્યું છે.

બીજી તરફ લંબે હનુમાન રોડ તરફ જવાનું ગરનાળુ છેલ્લા ઘણા સમયથી બંધ છે. જેથી કરીને વરાછાના મુદ્દા ગેટ એટલે ખાંડ બજાર તરફના ગરનાળું ટ્રાફિક જામની સમસ્યા વધુ બનતી હોય છે તે માટે પણ લાલ દરવાજા તરફનો રસ્તો ક્લિયર કરવામાં આવ્યું છે.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
પાણી અંગેની અગત્યની જાહેરાત

આથી જાહેર જનતાને જણાવવાનું કે, પાણી પુરવઠા શાખા દ્વારા શહેરના પશ્ચિમ ઝોન વિસ્તારમાં આવેલ તાંદલજા ટાંકી ખાતે ભૂગર્ભ સંપ સફાઇની અગત્યની કામગીરી તા.03/04/૨૦૨૫ ગુરૂવારના રોજ હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે., જેથી તાંદલજા પાણીની ટાંકીના કમાન્ડ વિસ્તારમાં ગુરૂવાર તા.03/04/૨૦૨૫ ના રોજ સાંજના સમય દરમિયાન પાણી મેળવતા વિસ્તારોમાં પાણી વિતરણ કરવામાં આવશે નહિ. તા.04/04/૨૦૨૫ શુક્રવારના રોજ સવારે સુચીત સફાઇની કામગીરી પૂર્ણ થયા બાદ પાણીનું વિતરણ વિલંબ થી તથા હળવા દબાણથી કરવામાં આવશે. જે જાણમાં લઈ સ્થાનિક રહીશોએ આગમચેતીના ભાગરૂપે જરૂરી પાણીનો સંગ્રહ કરી રાખવા વિનંતી છે. ઉપરોક્ત મુજબ જણાવેલ વિસ્તારોના નાગરિકોએ કામગીરીમાં જરૂરી સાથ સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ.નં. ૦૨/૨૫-૨૬ કાર્યપાલક ઇજનેર (પા.પુ.)

ગુજરાતમિત્ર
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' વડોદરા પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર, પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
સરનામુ :- 28/29, બીજો માળ, હિરાવંતી ચેમ્બર્સ, આર્યકન્યા મહાવિદ્યાલય સામે, કારેલીબાગ, વડોદરા. (ફોન : 0265-2462584)
આપ અમને ઈ-મેલ પણ કરી શકો છો! gmbrdpressnote@gmail.com